ફોજદારી૨૨/૧૨/૧૩

# જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ ૧૪૪ અન્વયે થયેલ હુકમ

ક્રમાંકઃવિ.શા/એ સેકશન/મોબાઇલ/૨૮/૨૦૧૩

ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખતના અહેવાલો તેમજ સને-૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેર ખાતે બોમ્બ બ્લાસ્ટ તેમજ મુંબઇ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર અને સ્ફોટક પદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડથી ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દિધેલ અમુક બનાવોથી જણાયેલ છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા જાહેર શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલ્કતને નુકશાન પહોંચાડી ગુનાઓ આચરી નાસી છુટતા હોય છે.આમ આ તમામ ગુનાહિત કામગીરીમાં ગુનેગારો ગુનાહિત કૃત્ય કરવાં એક બીજાના સંપર્ક માટે મોબાઇલ ફોનનો તથા S.T.D/P.C.O નો ઉપયોગ કરતા હોવાનુ તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે.તથા તાજેતરમાં મિલ્કત સબંધી/શરીર સબંધી શોધાયેલ ગુનાઓમાં પણ ગુનેગારો મોબાઇલ ફોન તથા S.T.D/P.C.O નો ઉપયોગ કરેલ હોવાનુ જણાયેલ છે.તથા S.T.D/P.C.O પરથી બનાવટી કોલ (FAKE CALL) ધ્વારા ધમકી આપવાના ખંડણી માંગવાના અપશબ્દ બોલવાના મહિલાઓની જાતીય સતામણી કરવાના ખોટી માહિતી આપવાના વિગેરે કિસ્સાઓ વધતા રહે છે.આમ આ પ્રકારની તપાસમાં વિઘ્નતાઓના કારણે મોબાઇલ ફોન સીમ કાર્ડ લે-વેચ વખતે તથા S.T.D/P.C.O થી ફોન કરતી વખતે ખરીદનાર તથા વેચનારનુ નામ તથા ફોન કરનારનુ નામ સરનામુ તથા તેની ઓળખ અંગેની નોધણી થાય તે સલામતીની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે.

જેથી હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે)ગુ.રા. ગાંધીનગર નાઓના કચેરી ક્રમાંક : એન.જી.ઓ./ટેલીફોન બુથ/૧૭૦/૧૨ તા.03/04/૨૦૧૨ અન્વયે ફોજદારી કાર્ય રીતી અધિનિયમ (CRPC) ૧૯૯૩ (૧૯૯૪ ના નં-૨ ની ) કલમ ૧૪૪ અન્વયે આમોને મળેલ સતાની રુએ આથી હુકમ કરુ છુ કે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઇલ ફોનના સીમકાર્ડ લેતી વખતે ખરીદનાર વ્યકિતના માન્ય ઓળખ પત્ર તથા રહેઠાણના દસ્તાવેજો ડિસ્ટ્રીબ્યુટર/રીટેઇલ વિક્રેતાઓએ બરાબર ચકાસવા તથા જે પુરાવાઓની ઝેરોક્ષ રાખવી તથા તે અંગેનુ નામ સરનામા પુરાવાની માહિતીનુ રજીસ્ટર રાખવુ તથા S.T.D/P.C.O ધારકોએ કોલરની આઇડન્ટી ચકાસવા તેમજ કોલ ડિટેઇલના નામ સરનામાની માહિતી અંગેના રજીસ્ટરો ત્રણ વર્ષ સુધી નિભાવવાના રહેશે

આ હુકમ તા.૩૦.૧૨.૨૦૧૩ થી તા.૨૭.૦૨.૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરુ છું કે જાહેર જનતાની જાણસારૂ સ્થાનિક વર્તમાનપત્રો આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોંટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમથી નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે

આજ તારીખ૨૭/ડીસેમ્બર /૨૦૧૩ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(શિવાનંદ ઝા)

પોલીસ કમિશ્નર

અમદાવાદ શહેર

નકલ સવિનયરવાના:

(૧) અધિક મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજય ગૃહ વિભાગ ગાંધીનગર.

(૨)પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા. ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઇન્ટે) ગુ.રા. ગાંધીનગર.

(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર

(૫) કલેકટરશ્રી અમદાવાદ શહેર.

(૬) નિયામકશ્રી માહિતી ખાતું ગુ.રા. ગાંધીનગર.

(૭) રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ ગુ.રા.અ અમદાવાદ શહેર

(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેસન્સ કોર્ટ અમદાવાદ શહેર

(૯) રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ મિરઝાપુર અમદાવાદ શહેર

(૧૦) ચીફ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર

(૧૧) સંયુકત પો.કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર.

(૧૨) સંયુકત પો.કમિ.શ્રી સેકટર-૨ /ક્રાઇમ બ્રાન્ચ /મુખ્ય મથક અમદાવાદ શહેર.

(૧૩) સંયુકત પો.કમિ.શ્રી ટ્રાફીકશાખા અમદાવાદ શહેર.

(૧૪) તમામ ના.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર.

(૧૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધકરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે મોકલી આપવા વિ.છે.

(૧૬) તમામ મ.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર.

(૧૭) સિનીયર સરકારી વકિલશ્રી અમદાવાદ શહેર.

(૧૮) જન સંપર્ક અધિકારીશ્રી (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દરદર્શન કેન્દ્રો ઉપરથી જાહેરાત કરવા સારૂ)

(૧૯) તમામ પો.ઇન્સ.શ્રી અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨૦) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી અમદાવાદ શહેર.

(૨૧) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૨) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.